## // આંક – ૧ લગત હુકમ //

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહું કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ વોરન્ટ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ વોરન્ટ બજેલો નહી અને આરોપી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલા છે અને આરોપી ને કોઈ ઓળખી બતાવતા નથી કે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સમન્સ વોરન્ટ પર કરવામા આવેલ અને વગર બજે પરત મોકલેલ છે. હાલનું ચાર્જશીટ સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ એકટ ની કલમ–૬૬(૧ ) (બી) તથા એમ.વી.એકટ ૧૮૫ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજૂ કરેલ છે અને આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લેવાયેલ છે.

(૨) વધુમા આરોપી સામે હવે જે ગુનાનો આરોપ છે તે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧) (બી) તથા એમ.વી.એકટ ૧૮૫ મુજબ નો ગુનો છે અને સમન્સ ટ્રાયએબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલા પરંતુ આરોપીને સમન્સ કોઇ પણ કારણોસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વોરન્ટ વગર બજ્યે પરત આવેલ છે.આમ, સદર કેસ ઘણાં લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પડતર છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી. પી. રામચંદ્ર વિ. કર્ણાટક રાજય 2002(2) જી.એલ.આર.પાના નં. 1549 ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સવોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશશ્રીઓની ખંડપીઠે ઠરાવેલ છે કે "The criminal court should exercise their available powers such as those under section 309, 311, 258 of the code of criminal procedure, 973 to effectuate the right to speedy trial" આ ઉપરાંત હાઈકોર્ટના પત્ર નં. 2917/2006 Dtd. 17/10/2006 નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા નીચલી અદાલતો ને એવી સૂચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ– 258 અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરે. આથી, કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષા હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વાજબી

જણાતી નથી જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૮/ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૮૧ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીને સમન્સ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

(૧) આ કામના આરોપીની સામેની ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧ )(બી) તથા એમ.વી.એકટ ૧૮૫ અન્વયેની કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની ૨૫૮/ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૮૧ અન્વયે સ્થગિત કરવામા આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા જો આરોપી જો નજીકના ભવિષ્યમા મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

(૨) આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીતેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામા આવે છે. આ કામે આરોપીએ જો રોકડ રકમ જમા કરાવેલ હોય તો તે સરકાર ખાલસા કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

**વાપી.**
**તારીખ : ૧૧.૦૭.૨૦૨૬**

**( મોહંમદફરહાદ સલીમ લોહીયા)**
**બીજા જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ વાપી**
**UID no. GJ.**01676